# ગુજરાત યુનિવર્સિટી

નવરંગપુરા,અમદાવાદ-૩૮૦૦૦૯

## માત્ર બહેનો માટે નવી કોલેજો શરૂ કરવા અંગેની જાહેરાત

ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ,૨૦૨૩ અન્વયે નીડ કમિટી ધ્વારા કરવામાં આવેલ ઠરાવોને આધારે યુનિવર્સિટી વિસ્તારમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી સ્વનિર્ભર ધોરણે બી.કોમ.,બી.એસ.(બિઝનેસ એડમીનીસ્ટ્રેશન) અને બી.એસ.(કોમ્પ્યુટર એપ્લીકેશન) વિદ્યાશાખાઓમાં માત્ર બહેનો માટેની નવી કોલેજો શરૂ કરવા ઈચ્છતા રજીસ્ટર્ડ ટ્રસ્ટ, મંડળ કે સોસાયટી પાસેથી તા.૨૦-૦૬-૨૦૨૪ સુધીમાં કામકાજના દિવસોમાં કાર્યાલયના કામકાજના સમય દરમિયાન અચૂક મળી રહે તે મુજબ નિયત અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ અંગેની વિસ્તૃત જાહેરાત, નિયમોની માહિતી, જોડાણ અંગેનું અરજી પત્રક તથા એફિડેવિટની નકલ www.gujaratuniversity.ac.in ઉપરથી મેળવવાના રહેશે. નિયત તારીખ બાદમાં યુનિવર્સિટીને મળેલ જોડાણ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં, તેમજ ત્યારબાદ આવેલ અરજીઓ રદ્દ થવાને પાત્ર થશે.

જાહેરાત ક્રમાંક : એકેડેમિક/૪૪૪૧/૨૦૨૪
તારીખ :૧૫-૦૬-૨૦૨૪

કુલસચિવ

# ગુજરાત યુનિવર્સિટી

## નવરંગપુરા,અમદાવાદ-૩૮૦૦૦૯

### માત્ર બહેનો માટે નવી કોલેજો શરૂ કરવા અંગેની જાહેરાત

ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ,૨૦૨૩ અન્વયે યુનિવર્સિટી વિસ્તારમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી સ્વનિર્ભર ધોરણે બી.કોમ.,બી.એસ.(બિઝનેસ એડમીનીસ્ટ્રેશન) અને બી.એસ.(કોમ્પ્યુટર એપ્લીકેશન) વિદ્યાશાખાઓમાં માત્ર બહેનો માટેની નવી કોલેજો શરૂ કરવા ઈચ્છતા રજીસ્ટર્ડ ટ્રસ્ટ, મંડળ કે સોસાયટી પાસેથી તા.૨૦-૦૬-૨૦૨૪ સુધીમાં કામકાજના દિવસોમાં કાર્યાલયના કામકાજના સમય દરમિયાન અચૂક મળી રહે તે મુજબ નિયત અરજીપત્રકો મંગાવવામાં આવે છે. કોલેજ શરૂ કરવા અંગેના નિયમોની માહિતી, જોડાણ અંગેનું અરજી પત્રક તથા એફિડેવિટની નકલ www.gujaratuniversity.ac.in ઉપરથી મેળવવાના રહેશે. નવા સ્વનિર્ભર જોડાણ અંગેની ફી રૂ.૨,૦૦,૦૦૦/-(બે લાખ), સ્થાનિક તપાસ સમિતિની ફી રૂ.૨૫,૦૦૦/-(પચ્ચીસ હજાર) અને અરજી ફી રૂ.૫,૦૦૦/-(પાંચ હજાર) એમ કુલ મળી રૂ.૨,૩૦,૦૦૦/-(બે લાખ ત્રીસ હજાર) (નોન રીફંડેબલ)નો રાષ્ટ્રીયકૃત બેન્કનો કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ, જોડાણ અરજી અને તમામ પ્રમાણિત દસ્તાવેજો તથા એફિડેવિટ(સી.ડી.સાથે) બે નકલમાં અત્રે જમા કરાવવાનું રહેશે.

૧. યુ.જી.સી.ના નિયમ અનુસાર જે રજીસ્ટર્ડ ટ્રસ્ટ ,મંડળ કે સોસાયટી પાસે ગુજરાત યુનિવર્સિટીના કાર્યક્ષેત્રના શહેરમાં ૨ એકર તથા ગ્રામ્ય વિસ્તારમાં ૫ એકર જમીન ટ્રસ્ટ,મંડળ કે સોસાયટીની માલીકીની હોય અને રેવન્યુ રેકોર્ડમાં નોંધ થયેલ હોય તથા ટાઈટલ ક્લીયર હોય તેમણે જ નવી કોલેજ માટે અરજી કરવી.

૨. ઉપરોક્ત જમીન/મકાનનો માત્ર શૈક્ષણિક હેતુસર જ ઉપયોગ કરવાનો રહેશે.

૩. નિયત તારીખ બાદમાં યુનિવર્સિટીને મળેલ જોડાણ અરજીઓ, સ્વીકારવામાં આવશે નહીં તેમજ રદ્દ થવાને પાત્ર થશે.

૪. અધુરી વિગતો/માહિતી સાથેની જોડાણની અરજીઓ રદ્દ થવાને પાત્ર ઠરશે.

૫. University Grants Commission(Affiliation of Colleges by Universities) Regulations, 2009 તથા University Grants Commission(Affiliation of Colleges by Universities) (1st Amendments) Regulations, 2012ની જોગવાઈ ૩.૨.૨ મુજબ કોર્પસ ફંડ તરીકે રૂ.૧૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પંદર લાખ પૂરા)ની કાયમી ધોરણે ફિક્સ ડિપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવશ્રી તથા સંસ્થાના સંયુક્ત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં ડિપોઝીટ મુકવાની રહેશે અને તેના આધાર-પૂરાવા રજૂ કરવાના રહેશે. જે પાકતી મુદતે વ્યાજની રકમ સહિત રીન્યુ કરવાની રહેશે.

૬. શિક્ષણ વિભાગના તા.૨૧-૦૧-૨૦૦૧ના ઠરાવ ક્રમાંક યજન/૧૦૨૦૦૧-૨૮-ખ.૧ને વંચાણે લઈ નીચે મુજબની ફી તથા ડિપોઝીટ રાખવાનું ઠરાવવામાં આવ્યું.

   a. સંસ્થાએ આર્થિક સધ્ધરતા માટે રૂ.૨૫,૦૦,૦૦૦(અંકે રૂપિયા પચ્ચીસ લાખ પૂરા)ની રકમ રોકડ/બેંક બેલેન્સ/ડિપોઝીટ (રાષ્ટ્રીયકૃત બેંકમાં)ના રૂપમાં જમા છે અને તેટલી જ રકમની અન્ય સ્થાયી અસકયામતો રૂણમુક્ત છે તે મતલબનું ચેરીટી કમિશનરશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

b. દરેક પદવીના અભ્યાસક્રમના વર્ગ દીઠ રૂા.૬,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા છ લાખ પૂરા)ની ફીક્સ ડિપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવશ્રી તથા સંસ્થાના સંયુક્ત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મુકવાની રહેશે, જે પાકતી મુદતે વ્યાજની રકમ સહિત રીન્યુ કરવાની રહેશે.

c. કોલેજ શરૂ કરતા પહેલા સંસ્થા પાસે રૂા.૧૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ લાખ પૂરા)નું વર્કીંગ ફંડ હોવા અંગેના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવાના રહેશે.

d. કોલેજના કર્મચારીઓના પગાર ભથ્થા માટે અનામત ફંડ તરીકે રૂા.૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ લાખ પૂરા)ની ફીક્સ ડિપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવશ્રી તથા સંસ્થાના સંયુક્ત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મુકવાની રહેશે.

૭. શિક્ષણ વિભાગના પત્રાંક સજય/૨૦૦૬/૧૬૦૨/ખ.૧ તા.૧૧-૦૮-૨૦૧૪થી કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અભ્યાસક્ષેત્રની પ્રવૃતિઓમાં રૂચી ઉત્પન્ન થાય તે માટે નવી જોડાણ મેળવતી કોલેજોએ સ્ટાર્ટપ એન્ડ ઈનોવેશન, એન.એસ.એસ., એન.સી.સી., સ્પોર્ટસ તથા અન્ય કોઈ અભ્યાસક્ષેત્રે સંબંધિત પ્રવૃતિઓમાં વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે તે મુજબ પોતાની રીતે આ અંગેની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

૮. જે કોઈ ટ્રસ્ટ, મંડળ કે સોસાયટી ધ્વારા નવા જોડાણ માટે જે વિદ્યાશાખાની જોડાણ અરજી કરેલ હશે તે વિદ્યાશાખાને પાછળથી અન્ય વિદ્યાશાખામાં તબદીલ કરવામાં આવશે નહીં તથા આ કોલેજો માત્ર મહિલા કોલેજ તરીકે જ ચાલુ રાખવાની રહેશે, કો-એજ્યુકેશન તરીકે તબદીલ કરી શકાશે નહીં.

૯. જે કોલેજોને માન્યતા આપવામાં આવે તે કોલેજોએ યુ.જી.સી., રાજ્ય સરકાર તથા ગુજરાત યુનિવર્સિટી ધ્વારા નક્કી કરવામાં આવેલ ડેવલપમેન્ટ ફંડ, ડિપોઝીટ તેમજ અન્ય ફી ભરવાની રહેશે તેમજ પ્રવર્તમાન અને વખતોવખતના લાગુ પડતા નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૦. University Grants Commission(Affiliation of Colleges by Universities) Regulations, 2009 તથા University Grants Commission(Affiliation of Colleges by Universities) ( 1st Amendments) Regulations, 2012 તથા ગુજરાત યુનિવર્સિટીના વખતોવખતના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૧. ગુજરાત યુનિવર્સિટી આ જાહેરાત ના સંદર્ભમાં કોલેજો/સંસ્થાની ફાળવણી કરવા કે ન કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે.

જાહેરાત ક્રમાંક : એકેડેમિક/૪૪૧/૨૦૨૪
તારીખ:૧૫-૦૬-૨૦૨૪

કુલસચિવ